## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૫/૦૧/૨૦૨૬ થી તા.૧૧/૦૧/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં આત્મવિશ્વાસ વધશે. મિલકતના સોદા થાય. મકાન, વાહન, ખરીદવાની યોજના બને. ધાર્મિક પ્રવાસ થાય. સમાજમાં સારું માન મળે તેમજ તમારી સર્જનાત્મક શક્તિ અને વ્યવસાયમાં ઈચ્છિત ફળ મળે. પ્રેમજીવનમાં અશાંતિ છતાં મિલન-મુલાકાત થાય. શેર બજારમાં નવા રોકાણમાં ધીરજ રાખવી. નોકરીમાં નવી તક ઊભી થાય. ઉમરલાયકના વિવાહ થાય. આવક વધારવાની તક મળે.



**વૃષભ (બ,વ,ઉ):-** ચાલુ વીકમાં તમારી ક્ષમતા અનુકૂળ કામ કરવાની તક મળે. રાજકારણ વગેરેમાં પદ પ્રાપ્ત થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળે. શિક્ષણ, ટેકનોલોજી, પ્રવાસ, દલાલી, ટ્યુશન વગેરે કામમાં ભાગ્યનો સાથ મળે. સમાજમાં વ્યક્તિગત વ્યવહાર મજબૂત થાય. વારસાના કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે. પ્રેમ વિવાહની શક્યતા રહે. નોકરીમાં નવી જવાબદારી વધશે.



**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીક આર્થિક બાબતે અનુકૂળ રહે. ઉઘરાણી આવી શકે છે તેમજ નવા રોકાણથી લાભ થાય. કુટુંબ, વડીલો અને નાનાં સભ્યોને મદદરૂપ બનશો. શિક્ષણ બાબતે પ્રગતિ થાય. નોકરીમાં બદલી થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. ટેકનોલોજીથી લાભ થાય. પરીક્ષા કે હરીફાઈમાં ઈનામ મળે. નવી નોકરી મળે. નવાં ઘર વાહન બાબતે પ્રગતિ થાય. બહારના કામમાં પ્રગતિ.



**કર્ક (ડ,હ):-** ચાલુ વીકમાં સમાજ વગેરેમાં લોકપ્રિય બનવાનું થાય. અચાનક અણધારી ઈચ્છિત સફળતા મળે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રવાસના કામમાં તક મળે. જાહેર જીવનમાં યશ મળે. કુટુંબ પરિવારની સમસ્યાનું નિરાકરણ આવે. આર્થિક રીતે ચોક્કસ નિર્ણય લેવાય. આત્મવિશ્વાસ વધે. મિત્રો સાથે વેપાર-ધંધાની યોજના પાર પડે. આર્થિક પ્રગતિથી ઉત્સાહ વધે.



**સિંહ (મ,ટ):-** સપ્તાહ દરમિયાન ખાવા-પીવાના અને મોડી રાત સુધી હરવા-ફરવાવાળાની મુસીબત વધી શકે છે. આરોગ્ય અને પોલીસ બાબતે સાવધાન રહેવું. નોકરીમાં મહત્ત્વની નવી જવાબદારી મળે. કુટુંબ પરિવારના પ્રસંગમાં સક્રિય રહેવું પડે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. કોઈ તરફ આકર્ષણ વધશે. ઉઘરાણી આવે.



**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ દરમિયાન બૌદ્ધિક સર્જનાત્મક કામમાં સફળતા મળે. શેર,સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. મિત્રો સાથે સમાજસેવા થાય. પ્રેમમાં પડવાનું બને. કોઈનું આકર્ષણ વધશે. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશ પ્રવાસ, ધર્મ-કર્મ અને સમાજસેવાના કામમાં પ્રગતિ થાય. તીર્થયાત્રાનો લાભ મળે. સમાજમાં યશ મળે. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય.



**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં પ્રોપર્ટીને લગતાં કામ સરળ બનશે. આર્થિક પ્રગતિ વેપાર-ધંધામાં દેખાશે. કામની પ્રગતિ આત્મવિશ્વાસ વધારશે. પ્રમોશન કે નવી જવાબદારીથી પ્રભાવ વધશે. પ્રેમમાં ધીરજ અને તાલમેળ રાખવો. નવા રોકાણથી લાભ થાય. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. પ્રવાસમાં વિલંબ અને પ્રતિકૂળતાનો અનુભવ વધશે. વિદેશને લગતાં કામમાં પ્રગતિ થાય. આરોગ્ય સુધરશે.



**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં વારસા, વીલ-વીમા વગેરે બાબતે પ્રગતિ થાય. સરકારી કામ અને સહી સિક્કામાં ધ્યાન રાખવું. કાયદા કાનૂન બાબતે પ્રગતિ થાય. નોકરિયાતના પ્રયત્નો સફળ રહે. નવી મિલકતની યોજનામાં ગતિ આવે. જાહેર જીવનમાં સાવધાની રાખવી. પ્રોપર્ટી બાબતે ધીરજ રાખવી. પ્રેમમાં અશાંતિ વધશે.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દોડધામ અને પારિવારિક સમસ્યાવાળું રહે. આરોગ્યનું ધ્યાન રાખવું. સરકારી કામમાં લાભ થાય. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. જીવનસાથી સાથે સામાજિક કાર્ય પાર પડે. નોકરી-ધંધામાં ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. પ્રવાસમાં સાવધાની રાખવી. નવાં ઘર, વાહન, મકાન અને મિલકતના સોદા બાબતે ઉતાવળ કરવી નહીં. અચાનક ભાગ્યનો સાથ મળશે.



**મકર (ખ,જ):** સપ્તાહ દરમિયાન કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય. ઉમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. નવા વેપાર-ધંધાનું કામ પાર પડે. આરોગ્યના ખર્ચા વધશે. વીલ-વારસામાં વિઘ્નો આવે. ચોર-લૂંટારુથી સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. તીર્થયાત્રા થાય.



**કુંભ (ગ,સ,શ,ષ):-** ચાલુ વીકમાં નોકરી-ધંધાના કામમાં અનુકૂળતા રહેશે. સરકારી નોકરીની તક મળે. ચાલુ નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. લેવડદેવડમાં સાવધાની રાખવી. વિદેશનાં કામમાં ગતિ આવે. રોજના ધંધા-વેપારમાં આવક વધે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. દાંપત્યજીવનમાં ગરબડ રહે. શેર, સટ્ટા, લોટરીથી અચાનક ધનલાભ થઈ શકે છે. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાથી નવી દિશા મળે.



**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ અચાનક સફળતાનાં સંકેત આપે છે. મોજશોખ, પ્રવાસ, શેર માર્કેટ, શિક્ષણ, ટેકનોલોજી અને ખાણીપીણીને લગતાં કામમાં સફળતા મળે. મિત્રોનો સાથ નવા કામ-ધંધામાં મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે. સરકારી નોકરિયાતે લાલચ અને હિતશત્રુઓથી બચવું. નવી નોકરીની શક્યતા વધી શકે છે. સમાજ, પરિવારના કામમાં યશ મળે. કોર્ટ- કચેરીમાં પ્રગતિ થાય.

## 2026 અને જ્યોતિષ

ગતિશીલ બ્રહ્માંડમાં જે કંઈ ઘટના ચોક્કસ સમય ઘટતી હોય છે ત્યારે ઈશ્વરીય-શક્તિ-ઊર્જા તે ચોક્કસ સમયને પ્રભાવિત કરતી હોય છે. એવા સમયની ગ્રહ-નક્ષત્રની ઊર્જા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતી હોય છે અને પૃથ્વી પર આકાર લેતી કે નિર્માણ થતી ઘટના કે પ્રસંગ અથવા જન્મ લેતા બાળકના ચિત્ત પર તે ઊર્જા કાયમ માટે અંકિત થઈ જાય છે અને તે આજીવન રહે છે. એ જ રીતે દેશ કે દુનિયાની સંસ્કૃતિની કોઈ ચોક્કસ તારીખે થતી ઉજવણીની શરૂઆતનો ચોક્કસ સમય જે તે પ્રસંગ પર એક ચોક્કસ ઊર્જા અંકિત કરી લે છે અને તેની અસર આવતી બીજી ઘટના કે સમય સુધી રહે છે. 365 દિવસની આ અદ્ભુત ઘટનાની અસર વૈદિક જ્યોતિષ અને વૈદિક અંકશાસ્ત્ર પ્રમાણે કેવી રહેશે તે જોઈએ.

01-01-2026 નું સંયુક્ત ટોટલ 12 થાય છે. એમાં નંબર-01 એટલે સૂર્ય અને નંબર-02 એટલે ચંદ્ર. આ રાજા રાણીનું સંયોજન સ્વાર્થીપણાનું દ્યોતક છે. પોતાના સ્વાર્થ ખાતર બીજાનો ભોગ લેવામાં માનનાર માનવામાં આવે છે. જે સંકેત આપે છે કે મહાસત્તા અને સત્તામાં શક્તિશાળી લોકો સામાન્ય જનતાનું નિકંદન કાઢી નાખશે. 2026નું પ્રતિનિધિત્વ સૂર્ય કરે છે. સૂર્ય એક ક્રૂર અને ઘાતકી ગ્રહ માનવામાં આવે છે. જે પોતાના વિસ્તાર અને સામ્રાજ્યને વધારવામાં અન્યનો ભોગ લે છે. આમ અંકશાસ્ત્રની દૃષ્ટિએ 2026નું વર્ષ કુદરતી અને માનવસર્જીત યુદ્ધ વગેરેથી વિનાશનું વર્ષ છે.

વૈદિક જ્યોતિ પ્રમાણે 01-01-2026, 00:00:01 am છ અંશના નિર્બળ કન્યા લગ્ન સાથે ઉદિત થયું છે. જ્યોતિષશાસ્ત્રમાં પ્રથમ સ્થાન એ જીવંત અને સુખ સગવડ તથા આરોગ્ય-આયુષ્ય વગેરેનું દ્યોતક છે. તે બળવાન હોવું જરૂરી છે. તે પછી તેનો સ્વામી બળવાન હોવો જરૂરી છે. અહીં લગ્નેશ બુધ પણ ફક્ત ચાર અંશનો નિર્બળ છે. આમ લગ્ન અને લગ્નેશ બંને નિર્બળ છે માટે રોજગારી, આરોગ્ય, શિક્ષણ, સુખસગવડ તથા સલામતીને લગતા પ્રશ્નો સામાન્ય જન માટે પડકાર સમાન રહેશે. ચોથું સ્થાન સુખ-સુવિધાનું માનવામાં આવે છે ત્યાં કુલ ચાર ગ્રહોની હાજરીમાં સૂર્ય શુક્રની અંશાત્મક યુતિ જન સામાન્યના મહત્ત્વનાં પારિવારિક સુખને વિકૃતિ આપે છે જે સામાજિક વ્યવસ્થામાં ભંગાણના સંકેત છે. છૂટાછેડાનું પ્રમાણ દેશ અને દુનિયામાં 2026માં સૌથી વધુ જોવા મળશે. સાથે વિજ્ઞાન, ટેકનોલોજી, મેડીકલ, કલા, સાહિત્ય, એન્જિનિયરીંગ અને યુદ્ધનાં શસ્ત્રો વગેરેમાં પ્રગતિ થાય. નવાં સંશોધન થાય. કલાક્ષેત્ર માટે વર્ષ સારું રહેશે. સાથે મંગળ-સૂર્યના કારણે લોકોમાં આવેશ, ક્રોધ, અવિચારી કૃત્યો, હિંસા અને ખુના-મરકી વધશે. લોકો હિંસક બનશે. ખોટા રસ્તે આગળ આવવાનાં કામ સાહસ અને નિડરતાપૂર્વક કરશે.

સુખસ્થાનમાં કુલ ચાર ગ્રહોની હાજરી સંસારની મૂળ ધરી સમાન લગ્ન-સંસ્થાને સૌથી વધુ નુકસાન કરશે. અગ્નિતત્ત્વના સૂર્ય મંગળ અગ્નિતત્ત્વની રાશિમાં શનિની દૃષ્ટિમાં અડોશ-પડોશમાં ગેરસમજ પેદા કરીને યુદ્ધનું નિર્માણ કરશે. દુનિયાના દેશો અડોશપડોશ સાથે વર્ચસ્વ માટે યુદ્ધે ચડશે અને ઘણા શક્તિશાળી નેતાઓનું અસ્તિત્વ જોખમમાં આવશે. નવા વર્ષની કુંડલી અને શકટયોગથી પ્રભાવિત છે અને શુક્ર-ગુરુ મારકેશ બને છે અને ચોથા સ્થાન પર ગુરુ શનિની દૃષ્ટિ વિશ્વયુદ્ધના સંકેત આપે છે અને બળવાન બનતાં રાહુ-કેતુ આર્ટિફીસીયલ ટેકનોલોજીનો અદભુત વિકાસ સૂચવે છે અને તે માનવજાત માટે ભયંકર યાતના પેદા કરનાર સાબિત થશે. એઆઈનો વિકાસ નોકરી-ધંધા અને આર્થિક સંકટ પેદા કરશે. દુનિયાના શક્તિશાળી દેશોમાં સત્તાપલટો થાય અને નવા શક્તિશાળી અને પ્રભાવશાળી નેતાઓ દુનિયાના યુદ્ધખોરોને કાબૂમાં રાખે એવી અણધારી ઘટનાના સંકેત છે.

હાલ દુનિયાને બાનમાં લેનાર રશિયા અને પુતિન માટે શુભ સંકેત નથી. તેમનું પતન થઈ શકે છે. નવા વર્ષની વર્ષ કુંડલીમાં ચોથું સ્થાન ખૂબ જ સક્રિય અને પ્રભાવિત બને છે. જે મૂળભૂત સુખ-સગવડ શાંતિ અને પરસ્પરને મદદનું છે જે કુદરતી આફતોના કારણે લોકોની બચતને ખલાસ કરશે. યુદ્ધોના કારણે અશત અને ફુગાવો વધશે. અમેરિકા, ચીન, રશિયા જેવા દેશોમાં સત્તા પરિવર્તન થઈ શકે અથવા આ દેશો દુનિયાને વિશ્વયુદ્ધમાં ધકેલી શકે છે. આ દેશોના રાજ નેતાઓ પર સંકટનાં વાદળ ઘેરાયેલાં છે. આપણા ભારત દેશની વાત કરીએ તો જનતામાં અસંતોષ વધશે. પણ આર્થિક વિકાસ જરૂર થશે. દેશના પ્રભાવશાળી નેતાઓ પર સંકટ આવી શકે છે. આર્થિક અને યુદ્ધના વાતાવરણનો સામનો દેશે કરવો પડશે. દેશમાં કુદરતી આફતો વધશે. દુનિયાના મહત્ત્વના શક્તિશાળી દેશો આમનેસામને આવશે. તેવા સમયે ભારતનો પ્રભાવ વધશે અને એવું થવાની શક્યતા છે. 2026નું વર્ષ શનિ-રાહુ પ્લુટોના પ્રભાવમાં રહેનાર છે. ભારત દેશની કુંડલીમાં શનિ-રાહુ- પ્રભાવશાળી છે જે અશાંતિ કે યુદ્ધના સમય દુનિયાને શાંત રાખવાની શક્તિ આપે છે.

વૈદિક જ્યોતિષ અને અંકશાસ્ત્ર પ્રમાણે 2026નું વર્ષ કુદરતી અને માનવસર્જીત યુદ્ધની વિનાશકતાના સંકેત આપે છે અને એઆઈનો વિકાસ માનવજાત માટે ખતરાની ઘંટી સમાન છે.

### ટાઇફોઇડના ૯૧થી વધુ દર્દી હજી પણ સારવાર હેઠળ

# ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા ફફડાટ

**ગાંધીનગરમાં** ઇન્દોરવાળી નહીં થાય તે માટે મુખ્યમંત્રી સતર્ક

ગાંધીનગર : ગાંધીનગરમાં ટાઈફોઈડના 108 કેસો નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેની સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલ પણ એકશન મોડમાં આવી ગયા છે. ગઈકાલે કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહે પણ નવી દિલ્હીથી ફોન પર ડે. સીએમ હર્ષ સંઘવી સાથે વાત કરી હતી. જેના પગલે તેઓ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા. આ મુદ્દે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ તેમના નિવાસસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. ગાંધીનગરના શહેરી વિસ્તારોમાં વધી રહેલા ટાઈફોઈડના કેસોના સંદર્ભમાં મુખ્યમંત્રીએ રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર અને સિવિલ હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ રોગચાળાને નિયંત્રિત કરવા માટે લેવાયેલા પગલાંઓની વિગતવાર માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ટાઈફોઈડના કુલ 108 જેટલા કન્ફર્મ કેસ નોંધાયા છે. આ આંકડો રાજ્યના પાટનગર માટે ચિંતાજનક માનવામાં આવી રહ્યો છે. હોસ્પિટલના સત્તાધીશોના જણાવ્યા અનુસાર ગઈકાલે શનિવાર સુધી કુલ 108 કેસ હતા જેમાં 17ને રજા આપી દેવાઈ છે જ્યારે 91 હજી પણ સારવાર હેઠળ છે. આ આંકડા ફક્ત સિવિલ હોસ્પિટલના છે.

મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે કે પ્રદૂષિત પાણી અથવા ખોરાકને કારણે ફેલાતા આ રોગને અટકાવવા માટે શહેરમાં પાણીના સેમ્પલિંગની પ્રક્રિયા તેજ કરવામાં આવે. મ્યુનિસિપલ કોર્પોરેશનને સૂચના આપવામાં આવી છે કે દરેક સેક્ટરમાં ક્લોરિનેશન અને સ્વચ્છતાની તપાસ કરવામાં આવે જેથી રોગચાળો વધુ નહીં ફેલાઈ.

### ગાંધીનગરમાં ઈન્દોર જેવા કાંડની રાહ જોવાઈ રહી છે : અમીત ચાવડા

આજે દાહોદમાં પ્રવેશેલી ગુજરાત કોંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમ્યાન કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમીત ચાવડાએ કહ્યું હતું કે દાહોદ તાલુકા મથક છે પણ ચારે તરફથી સરકારમાં બેઠેલા નેતાઓનો જે ભ્રષ્ટાચાર છે એનો ભોગ આ જનતા બની રહી છે. એક બાજુ ગટરના પાણી ઉભરાય છે, દૂષિત પાણી પીવાને કારણે આજે આખા ગુજરાતમાં ફરિયાદો છે, ગાંધીનગરમાં લોકો હોસ્પિટલમાં છે, અમદાવાદમાં હોસ્પિટલમાં છે, બધી જ જગ્યાએ લોકો દૂષિત પાણીથી પરેશાન છે. સાથે સાથે આ ફતેપુરામાં જે ગટરો ઉભરાય છે, રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તા છે એ ખબર નથી પડતી. લોકો દ્વારા વારંવારની રજૂઆત છતાં એક પણ સરકારી તંત્ર કે એક પણ નેતા લોકોની તકલીફના નિવારણ માટે આગળ આવતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં નળ નાંખ્યા છે તો જળ નથી અને શહેરોમાં જ્યાં જળ આવે છે તે દૂષિત આવે છે,ગુજરાતના પાટનગર ગાંધીનગર, અમદાવાદ સહિત મોટાભાગના શહેરોમાં ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું હોવાની સતત ફરિયાદો આવી રહી છે. શું ઈન્દોર જેવા મોટા કાંડની રાહ જોવાઈ રહી છે ? આ સમસ્યા સમગ્ર ગુજરાતની છે, તમારા અવાજને બુલંદ કરવાનું કામ કોંગ્રેસ પાર્ટી કરશે અને આ પ્રજાના પ્રશ્નોને છેક વિધાનસભા સુધી લઈ જશે.

### તાત્કાલિક પાણીના લિકેજનું સમારકામ કરવાની સૂચના

ગાંધીનગર : ગાંધીનગર શહેરના સેક્ટર ૨૪, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં પાણીની પાઇપલાઇન લીકેજના થવાના કારણે દૂષિત પાણીથી બાળકો અને નાગરિકોમાં ટાઇફોઇડના કેસ સામે આવ્યા છે ,જેના પગલે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતશાહે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જિલ્લા કલેક્ટર તેમજ મ્યુનિસિપલ કમિશનર સાથે સતત સંપર્કમાં રહી, ચર્ચા કરી વર્તમાન પરિસ્થિતિ અંગે સંપૂર્ણ વિગતો મેળવી પ્રવર્તમાન પરિસ્થિતિ સામે યુદ્ધના ધોરણે કામગીરી કરવા સૂચના આપી છે. શાહે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ટાઇફોઇડથી અસરગ્રસ્ત બાળકો અને નાગરિકોને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે માટેના આદેશ આપ્યા છે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પીડિત દર્દીઓ અને સગાઓ માટે ભોજનની સુવિધા સુનિશ્ચિત કરવા અંગે સૂચના આપી છે. શાહે લીકેજના તાત્કાલિક સમારકામ અને આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનો ફેલાવો વધુ ન થાય તે માટે આસપાસના વિસ્તારોમાં પણ પાઇપલાઇનની સઘન ચકાસણીના આદેશ આપ્યા છે. ગાંધીનગર શહેરમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસો અંગે સઘન આરોગ્ય વ્યવસ્થા અને સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારોમાંથી આ શંકાસ્પદ કેસો મળી આવ્યા છે તે સેક્ટર ૨૪, ૨૬ અને ૨૮ તથા આદીવાડામાં ૭૫ હેલ્થ ટીમો દ્વારા સર્વે કરવામાં આવ્યો છે.આ શંકાસ્પદ ટાઈફોડના ૧૧૩ કેસો અત્યાર સુધીમાં મળી આવ્યા છે અને સારવાર ગ્રસ્ત દર્દીઓમાંથી ૧૯ ને ડિસ્ચાર્જ કરી દેવાયા છે. અન્ય ૯૪ દર્દીઓને ગાંધીનગર સિવિલ તેમજ સેક્ટર ૨૪ અને ૨૯ ના UHCમાં સારવાર અપાઈ રહી છે અને આ દર્દીઓની હાલત સ્થિર છે. અસર ગ્રસ્ત વિસ્તારોમાં ૨૪×૭ ઓપીડી શરૂ કરવામાં આવી છે .

### ૩જી જાન્યુઆરીએ એક જ દિવસમાં

# 380 ગુડ્સ ટ્રેનનો ઇન્ટરચેન્જ ફ્રેટ કોરિડોરે કરી રેકોર્ડ સર્જ્યો

**કોરિડોરનો** સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે

સુરતઃ ઉત્તર પ્રદેશ દાદરીથી જવાહરલાલ નહેરૂ પોર્ટ-જેએનપીટી મહારાષ્ટ્ર સુધી ફેલાયેલા વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરે ગઈકાલે તા. ૩જી જાન્યુઆરીએ એક જ દિવસે કુલ 380 માલગાડીઓનો ઈન્ટરચેન્જ કરી નવો ઈતિહાસ સર્જ્યો હતો. અગાઉ આ રેકોર્ડ 14 સપ્ટેમ્બર 2025ના રોજ 378 ટ્રેનો સાથે નોંધાયો હતો. ઝડપી માલ પરિવહન , વિશ્વસનીય ડિલિવરી અને વધુ મજબૂત સપ્લાય ચેઈનથી 'મેક ઈન ઈન્ડિયા' અને નિકાસ ક્ષેત્રને પણ મોટું પ્રોત્સાહન મળશેનો આશાવાદ રેલવે અધિકારીઓ દ્વારા વ્યકત કરાયો છે. આ સફળતાને DFCCILના અધિકારીઓએ ઓપરેશન, સિગ્નલિંગ, ટ્રેક્શન અને મેન્ટેનન્સ ટીમોના ઉત્તમ સંકલનનું પરિણામ ગણાવ્યું હતું. વધતી માંગ વચ્ચે પણ ટ્રેન સંચાલનને સુરક્ષિત, સમયબદ્ધ અને સુચારૂ રાખવું મોટો પડકાર હતો, જેને ટીમોએ સુવ્યવસ્થિત આયોજનથી સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. આ ઐતિહાસિક સિદ્ધિથી કોરિડોરની વધતી ક્ષમતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે, તેમજ ભારતનું ફ્રેટ રેલ નેટવર્ક નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું હોવાનો સંકેત પણ મળે છે. આ રેકોર્ડ DFCCILની ઓપરેશનલ એક્સેલન્સ અને સ્કેલેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઉત્તમ ઉદાહરણ છે. આવનારા સમયમાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દેશના આર્થિક વિકાસમાં વધુ મહત્વની ભૂમિકા ભજવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સુરત ટેક્સટાઈલ, ડાયમંડ, કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોનું મહત્વનું કેન્દ્ર છે.

# રાજ્યમાં ઠંડીનો ધ્રુજારો, નલિયામાં 8 ડિગ્રી

**આગામી** દિવસોમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે

ગાંધીનગરઃ રાજ્યમાં સતત ઠંડીનો ચમકારો અચાનક વધી ગયો છે. નવા વર્ષ 2026ના આરંભે ઠંડીનું પ્રમાણ વધી ગયું છે. કચ્છના નલિયામાં આજે રવિવારે 8 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. ખાસ કરીને રાજયભરમાં ઠંડીનો ધ્રુજારો જોવા મળી રહ્યો છે. જેમાં હજુયે ઠંડી વધવાની છે. ગઈકાલે અચાનક નલિયામાં ઠંડીનો પારો 7 ડિગ્રીએ પહોંચી ગઈ હતી. જેના પગલે નલિયાવાસીઓ ધ્રુજી ઉઠ્યા હતા. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 8 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. હજુયે નજીકના દિવસોમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે. રાજ્યના વિવિધ ભાગોમાં રાત્રિના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ઉત્તર-પૂર્વીય- પૂર્વીય પવનના કારણે ઠંડી યથાવત રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે, રાજ્યમાં આજે રવિવારે અન્ય શહેરો પૈકી ભૂજમાં 11 ડિ.સે., નલિયામાં 8 ડિ.સે., કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 10 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 9 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 12 ડિ.સે., અમદાવાદમાં 14 ડિ.સે., ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 12 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 14 ડિ.સે., સુરતમાં 16 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીમાં ABVPની 2025-26ની નવી કારોબારી જાહેર

**જર્નાલિઝમ** અને માસ કમ્યુનિકેશન વિભાગમાં વિજય મહાજન અધ્યક્ષ, આશિષ તિવારી મંત્રી તરીકે વરાયા



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) નર્મદ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા વર્ષ 2025-26 માટેની નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી છે.

જર્નાલિઝમ અને માસ કમ્યુનિકેશન વિભાગમાં ABVPના અધ્યક્ષ તરીકે વિજય મહાજનની પસંદગી કરવામાં આવી છે, જ્યારે આશિષ તિવારીને મંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. વિજય મહાજનના નેતૃત્વ હેઠળ વિભાગીય કારોબારીમાં ઉપાધ્યક્ષ તરીકે વિપુલ જોશી (મહારાજ) અને શાહુ અમિત કુમારની વરણી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા કન્વીનર તરીકે સંદીપ રાજપૂત, લાલકૃષ્ણા ત્રિવેદી અને યોગેન્દ્રસિંગ ઠાકુરની નિમણૂંક કરાઈ છે. તે ઉપરાંત, યુનિવર્સિટી સ્તરે ABVPની વર્ષ 2025-26ની કારોબારીમાં VNSGUના અધ્યક્ષ તરીકે કૃતિક પટેલ અને મંત્રી તરીકે જુહી દલાલની વરણી કરવામાં આવી છે. ઉપાધ્યક્ષ, સહમંત્રી સહિત કુલ 200 જેટલા વિદ્યાર્થીઓને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

# ટ્રેનમાં ચોરી કરતી સાસી ગેંગના 5 રીઢા ઝડપાયા

**સુરતમાં** મુસાફરોનાં સામાનની ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો, બે દિવસના પોલીસ રિમાન્ડ

સુરતઃ સુરત રેલવે પોલીસે સાસી ગેંગના પાંચ રીઢા ચોરની અમદાવાદ રેલવે પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી આજે બપોર બાદ કોર્ટમાં રજૂ કરાયા હતા. કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ આપ્યા હતા. આ સાસી ગેંગએ સુરત રેલવે સ્ટેશનમાં ટ્રેનમાં કરેલી બે ગુનાની કબૂલાત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

રેલ્વે પોલીસના જણાવ્યા મુજબ આરોપી રાજવીર ઓમ પ્રકાશ સાસી, જગદીશચંદ્ર મલનદાસ સાસી, મેનપાલ સાધુરામ સાસી, સતવીર બનવારી સાસી, સની નરેશ સાસીની સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના ગુનાના કામે ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકીએ સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં પણ ચોરી કરી હોવાની કબૂલાત કરતાં સુરત રેલ્વે પોલીસે ટ્રાન્સફર વોરંટથી પાંચેય આરોપીનો કબજો મેળવી આજે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ ટોળકીની રેલવે પીઆઈ મીઠાપરાના માર્ગદશન હેઠળ પીએસઆઈ ચૌધરીએ સઘન પૂછપરછ હાથ ધરી છે.

### હરિયાણાના વતની સાસી અટક પરથી સાસી ગેંગ નામ પડ્યું

હરિયાણાના વતની સાસી અટક ધરાવતી આ ટોળકી સાસી ગેંગના નામે ઓળખાય છે. આ સાસી ગેંગ મુસાફરો ટ્રેનમાં ઊંઘતાં હોય ત્યારે કરામત કરી જતાં હતાં. ભૂતકાળમાં પણ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આ ટોળકી ઝડપાઈ ચૂકી છે.

# રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષામાં 1,046 ગેરહાજર

**6,356માંથી** 5,310 ઉમેદવારો હાજર

સુરતઃ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની ભરતી માટે આજે તા. 4 જાન્યુઆરી 2026ના રોજ સુરત શહેરમાં યોજાયેલી લેખિત પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થઈ. કુલ ઉમેદવારો પૈકી 83.54 ટકા હાજરી રહી હતી.

શહેરના કુલ 27 પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં નોંધાયેલા 6,356 ઉમેદવારોમાંથી 5,310 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે 1,046 ઉમેદવારો પરીક્ષા આપવા ઉપસ્થિત રહ્યા નહોતા. આ રીતે કુલ 83.54 ટકા હાજરી નોંધાઈ હતી. પરીક્ષા સવારે 11 થી બપોરે 1 વાગ્યા સુધી યોજાઈ હતી. પરીક્ષાની પારદર્શકતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે GPSC અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કડક સુરક્ષા તથા દેખરેખની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તમામ 27 પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી. આ પરીક્ષામાં પ્રથમ વખત મહત્વપૂર્ણ નવી વ્યવસ્થા તરીકે ઉમેદવારોના ડાબા હાથના અંગૂઠાનો નિશાન OMR શીટ પર લેવામાં આવ્યો હતો, જેના કારણે ઉમેદવારની ઓળખની ખાતરી સાથે ગેરરીતિ રોકવામાં મદદ મળી.

### આસિસ્ટન્ટ પોલીસ કમિશનરની દેખરેખ હેઠળ પેપર લવાયા

પ્રશ્નપત્રોની સુરક્ષા માટે ગાંધીનગરથી પ્રશ્નપત્રો વર્ગ-1ના અધિકારીની હાજરીમાં સુરત લાવી જિલ્લા તિજોરી ખાતે આવેલા સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવ્યા હતા. પ્રશ્નપત્રોના પરિવહન દરમિયાન એસીપી કક્ષાના પોલીસ અધિકારીની દેખરેખ રાખવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ તમામ OMR શીટોને કડક પોલીસ બંદોબસ્ત સાથે તરત જ ગાંધીનગર મોકલવામાં આવી હતી.

## અનુસંધાન ... પાના પહેલાનું

### વેનેઝુએલન પ્રમુખ...

શનિવારે વેનેઝુએલા પર અમેરિકી હવાઈ હુમલા અને માદુરો તથા તેમની પત્નીની ધરપકડની નિંદા કરી હતી, અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન કરતું આધિપત્યવાદી કૃત્ય ગણાવ્યું હતું.

દરમ્યાન, આજે યુકેએ વેનેઝુએલામાં સત્તાના સુરક્ષિત અને શાંતિપૂર્ણ હસ્તાંતરણ માટે આહવાન કર્યું હતું. વડાપ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન લાંબા સમયથી માદુરોની ગતિવિધિઓનો વિરોધ કરી રહ્યું છે અને તે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાઓની સંપૂર્ણ વિગતોની રાહ જોઈ રહ્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા પ્રત્યેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો, પરંતુ આ ઝડપથી બદલાતી પરિસ્થિતિમાં ટ્રમ્પના પગલાં અંગે વધુ કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

### વેનેઝુએલામાં અમેરિકાના...

ટ્રાફિકિંગ સંબંધિત આરોપોનો સામનો કરવા માટે ન્યૂયોર્ક લઈ ગયું છે. વેનેઝુએલાએ અમેરિકાના આ પગલાની નિંદા કરતા રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. વિદેશ મંત્રાલયે (MEA) જણાવ્યું હતું કે, વેનેઝુએલામાં તાજેતરની ગતિવિધિઓ ઊંડી ચિંતાનો વિષય છે. અમે વિકસતી પરિસ્થિતિનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી રહ્યા છીએ. તેણે ઉમેર્યું હતું કે, ભારત વેનેઝુએલાના લોકોના કલ્યાણ અને સુરક્ષા માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કરે છે. નવી દિલ્હીએ તમામ પક્ષકારોને આ પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સંવાદ દ્વારા શાંતિપૂર્ણ રીતે મુદ્દાઓ ઉકેલવા માટે પણ આહવાન કર્યું હતું.

### માદુરો ન્યૂયોર્ક આવી...

હતા. વ્હાઇટ હાઉસના એકાઉન્ટ પર સોશ્યલ મીડિયા પર મૂકવામાં આવેલ એક વીડિયોમાં જોઇ શકાતું હતું કે તેમને બાદમાં તે કચેરીએ લઇ જવાયા હતા, તે વખતે બે DEA એજન્ટોએ તેમના હાથ પકડી રાખ્યા હતા, જે સમયે માદુરો સ્મિત કરી રહ્યા હતા. તેમની સામે કેફી દ્રવ્યો અંગેના કાયદાઓ હેઠળ કાર્યવાહી ચાલે તે દરમ્યાન તેમને ન્યૂયોર્કની જેલમાં રાખવામાં આવી શકે છે.

### વેનેઝુએલામાં અમેરિકાના...

આરોપો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ગુટેરેસ દ્વારા સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર સહિત આંતરરાષ્ટ્રીય કાયદાઓનું તમામ પક્ષો દ્વારા સંપૂર્ણ સન્માન કરવામાં આવે તે વાત પર સતત ભાર મૂકવામાં આવ્યો હતો. નિવેદનમાં વધુમાં ઉમેર્યું હતું કે, સેક્રેટરી-જનરલ વેનેઝુએલાના તમામ પક્ષોને વિનંતી કરે છે કે તેઓ માનવ અધિકારો અને કાયદાના શાસન પ્રત્યેના સંપૂર્ણ સન્માન સાથે સમાવેશી સંવાદમાં જોડાય. યુએન (UN)ના માનવ અધિકાર પ્રમુખ વોલ્કર ટર્કે પણ વેનેઝુએલામાં અમેરિકી હસ્તક્ષેપ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ટર્કે X પર જણાવ્યું હતું કે, "અમે દરેકને સંયમ રાખવા અને યુએન ચાર્ટર તેમજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદાઓનું સંપૂર્ણ સન્માન કરવા વિનંતી કરીએ છીએ. વેનેઝુએલાના લોકોનું રક્ષણ સર્વોપરી છે અને તે કોઈપણ આગળની કાર્યવાહી માટે માર્ગદર્શક બનવું જોઈએ.

### ઇલોન મસ્કનું X...

છીએ. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ગેરકાયદેસર સામગ્રી બનાવવા અથવા ઉશ્કેરવા માટે ગ્રોકનો ઉપયોગ કરનાર કોઈપણ વ્યક્તિને ગેરકાયદેસર સામગ્રી અપલોડ કરનારાઓ જેવા જ પરિણામોનો સામનો કરવો પડશે.

### બાંગ્લાદેશમાં હિન્દુ નેતા...

પત્રકાર સલાહુદ્દીન શોએબ ચૌધરીએ આરોપ લગાવ્યો કે રાજ્ય સંસ્થાઓ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) માટે ચૂંટણી લાભ સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરી રહી છે. ગોવિંદના મતે ગોપાલગંજ-3 મતવિસ્તારમાં મોટી સંખ્યામાં હિન્દુ મતદારોને કારણે, બીએનપીને અહીં હારનો ડર હતો અને તેથી તેમને ચૂંટણી મેદાનમાંથી દૂર કરવાનો પ્રયાસ કરાયો. ગોવિંદે દાવો કર્યો હતો કે તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડવા માંગતા હતા કારણ કે તેમને જીતનો વિશ્વાસ હતો. તેમણે કહ્યું કે ગોપાલગંજના 300,000 મતદારોમાંથી 51% હિન્દુ છે.

### બાંગ્લાદેશમાં હિન્દુ...

તરીકે થઈ છે. આરએબી મદારીપુર કેમ્પ કંપની કમાન્ડર પોલીસ અધિક્ષક મીર મોનીર હુસૈને પ્રથમ આલોને જણાવ્યું હતું કે, આરોપીઓને કિશોરગંજથી મદારીપુર કેમ્પમાં લાવવામાં આવી રહ્યા હતા. મદારીપુર શરિયતપુરથી લગભગ ૨૦ કિલોમીટર દૂર છે. ગુરુવારે મીડિયા રિપોર્ટ્સમાં જણાવાયું હતું કે, દવાની દુકાન અને મોબાઇલ બેંકિંગનો વ્યવસાય કરતા દાસ ઓટોરિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે હુમલાખોરોએ વાહન રોક્યું અને કથિત રીતે તેમને માર માર્યો, તીક્ષ્ણ હથિયારોથી તેમના પર હુમલો કર્યો અને પછી તેમના માથા પર પેટ્રોલ છાંટીને જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો.

# વાપીમાં ગાંજાનું વેચાણ કરવા આવેલા 3 બિહારી યુવક ઝડપાયા

**એસ.ઓ.જી.ની** કાર્યવાહી: બિહારથી ગાંજો લાવી વાપીમાં છૂટક વેચાણ કરવાનો હતો મનસૂબો

વાપીઃ વાપીના ગુંજન વિસ્તારમાં અંબામાતા મંદિર પાસે એસ.ઓ.જી. ની ટીમે દરોડો પાડી 2 કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે ત્રણ બિહારીની ધરપકડ કરી છે.

એસ.ઓ.જી.ની ટીમ વાપીમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન ગુંજન અંબામાતા મંદિરની બાજુમાં આવેલા રામલીલા ગાર્ડન સામે એક બાઈક પર ત્રણ યુવકો બેઠેલા જણાયા હતા. પોલીસે પૂછપરછ હાથ ધરતા અને તલાશી લેતા તેમની પાસેથી પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી.જેમાં નશીલો પદાર્થ હોવાની આશંકા જણાતા FSL ટીમનો સંપર્ક સાધ્યો હતો. એફ.એસ.એલ.ની તપાસમાં થેલીમાં 'ગાંજો' હોવાનું સાબિત થયું હતું. જેનું કુલ વજન 2.130 કિલોગ્રામ અને બજાર કિંમત આશરે રૂપિયા 1,06,500 આંકવામાં આવી છે.